પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૫૯ | ૧૦ મે, ૨૦૨૨, મંગળવાર; વૈશાખ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

ચારધામ યાત્રામાં ભાવિકોના ધસારાથી અંધાધૂંધી

૧૬ ભાવિકોનાં મોત નિપજ્યા : સ્થિતિ બેકાબૂ બની રહી છે. કેદારનાથ અને બદરીનાથ ધામમાં ભાવિકો માટે યોગ્ય વ્યવસ્થાનો અભાવ, સ્વાસ્થ્યની તપાસ કરવા માટે પણ પૂરતી વ્યવસ્થા જોવા મળી રહી નથી

નવી દિલ્હી,તા.૯

ચારધામ યાત્રા શરૂ થયા બાદ ભાવિકોનો બેકાબૂ ધસારો થયા બાદ હવે અંધાધૂધીની સ્થિત સર્જાઈ છે. ૬ મેના રોજ યાત્રા શરૂ થયા બાદ ઉત્તરાખંડ સરકારે પણ નહીં વિચાર્યુ હોય તેટલી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે અને તેના કારણે સરકારે અગાઉથી વ્યવસ્થા અને સૂચનાઓ બહાર પાડી હતી.

જોકે હવે સ્થિતિ બેકાબૂ બની રહી છે. કેદારનાથ અને બદરીનાથ ધામમાં ભાવિકો માટે યોગ્ય વ્યવસ્થાનો અભાવ છે. સ્વાસ્થ્યની તપાસ કરવા માટે પણ પૂરતી વ્યવસ્થા જોવા મળી રહી નથી. જેના પગલે પહેલા ૬ દિવસમાં ૧૬ ભાવિકોના મોત થઈ ચુકયા છે.

ચાર ધામની યાત્રા માટે ભાવિકો સંપૂર્ણ રીતે સ્વસ્થ હોય તે જરૂરી છે. આ સંજોગોમાં મેડિકલ ચેક અપ વગર આવતા ભાવિકોને પણ યાત્રા માટે મંજૂરી આપવામાં આવી રહી છે. જેમાં તેમણે લખી આપવાનુ હોય છે કે, મને જો કશું થયુ તો તે માટે હું જાતે જ જવાબદાર હોઈશ. કેદારનાથમાં તો પોલીસની કામગીરી પણ સવાલો ઉભા થઈ રહ્યા છે.પોલીસ ભાવિકોને ધક્કા મારી રહી છે,

● અનુસંધાન પાન-૭ પર

આગામી ૨૪ કલાક ઓડિશા અને પ. બંગાળ માટે ભારે : આગાહી

'અસાની' બંગાળની ખાડીમાં વાવાઝોડામાં પરિવર્તિત : ૧૦ મેના રોજ, 'અસાની' ઉત્તર આંધ્ર-ઓડિશાના દરિયાકાંઠેથી પશ્ચિમ-મધ્ય અને તેને સંલગ્ન ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં પહોંચશે

કોલકાતા/ભુવનેશ્વર,તા.૯

બંગાળની ખાડીમાં ઉદ્ભવેલું વાવાઝોડું 'અસાની' દક્ષિણપૂર્વ અને તેની પાસે આવેલા પૂર્વ-મધ્ય બંગાળની ખાડીમાં તીવ્ર વાવાઝોડામાં પરિવર્તિત બન્યું છે. આવી સ્થિતિમાં આગામી ૨૪ કલાક ભારે રહેવાના છે. ભારતીય હવામાન વિભાગએ (આઈએમડી)રવિવારે મોડી રાત્રે આ માહિતી આપી છે. દક્ષિણપૂર્વ બંગાળની ખાડી પર આવેલું ચક્રવાતી તોફાન લગભગ ઉત્તરપશ્ચિમ તરફ તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિણમ્યું અને રવિવારે સાંજે ૫.૩૦ વાગ્યે દક્ષિણપૂર્વ અને અડીને આવેલા પૂર્વ મધ્ય બંગાળની ખાડી પર કેન્દ્રિત થયું છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, મંગળવારે એટલે કે ૧૦ મેના રોજ, 'અસાની' ઉત્તર આંધ્ર-ઓડિશાના દરિયાકાંઠેથી પશ્ચિમ-મધ્ય અને તેને સંલગ્ન ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં પહોંચશે તો તે ઓડિશાના કિનારેથી ઉત્તર-પૂર્વ તરફ ફરશે અને ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી તરફ તરફ આગળ વધશે. હવામાન વિભાગે અસાનીની ગતિ અને તીવ્રતાં અંગે પૂર્વાનુમાન કરતાં કહ્યું કે આ વાવાઝોડું ત્યારબાદ બુધવારે ભયાનક ચક્રવાતી વાવાઝોડું બનશે અને પછી ગુરુવાર સુધીમાં તે ડીપ ડિપ્રેશનમાં ફેરવાશે તેવી પૂરેપૂરી શક્યતા દેખાઈ રહી છે. આ સાથે હવામાન વિભાગે કહ્યું કે આ વાવાઝોડું ઓડિશા અથવા આંધ્રપ્રદેશમાં લેન્ડફોલ નહીં થાય. આઈએમડીના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે ચક્રવાત પૂર્વ કિનારે સમાંતર આગળ વધશે અને મંગળવાર સાંજથી દરિયા કિનારાના વિસ્તારોમાં ભારે વરસાદનું કારણ બનશે. ઓડિશાના વિશેષ રાહત કમિશનર (જીઈઝ) પીકે જેનાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે બચાવ કામગીરી માટે પૂરતી વ્યવસ્થા કરી છે. "અમને રાજ્યમાં કોઈ મોટો ખતરો દેખાતો નથી કારણ કે વાવાઝોડું જગન્નાથપુરી નજીકના દરિયાકિનારાથી લગભગ ૧૦૦ કિમી દૂરથી પસાર થશે." તેમણે સાથે ઉમેર્યું કે, જોકે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ), ઓડિશા ડિઝાસ્ટર રેપિડ રિસ્પોન્સ ફોર્સ (ઓડીઆરએએફ) અને ફાયર સર્વિસની બચાવ ટીમો કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર છે.

શ્રીલંકાના વડાપ્રધાન રાજપક્ષેનું રાજીનામું

શ્રીલંકામાં ઘેરી બનતી રાજકીય સ્થિતિ : મહિન્દાના ભાઈ અને રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્ષે પણ ઈચ્છી રહ્યા હતા કે, મહિન્દા રાજપક્ષે રાજીનામું આપે

કોલંબો,તા.૯

આર્થિક સંકટ વચ્ચે ઘેરાયેલા શ્રીલંકાના વડાપ્રધાન મહિન્દા રાજપક્ષેએ આજે રાજીનામુ આપી દીધું છે.વિપક્ષ દ્વારા વચગાળાની સરકાર બનાવવાની થઈ રહેલી માંગણી સામે ઝુકીને આખરે તેમણે રાજીનામુ આપવાનો નિર્ણય લીધો છે. વિરોધ પક્ષો સરકાર પર સતત દબાણ કરી રહ્યા હતા જ્યારે બીજી તરફ મહિન્દા રાજપક્ષે પર તેમની પાર્ટીમાંથી પણ રાજીનામુ આપવા માટે દબાણ વધી રહ્યુ છે. તેમના પોતાના ભાઈ અને રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્ષે પણ ઈચ્છી રહ્યા હતા કે, મહિન્દા રાજપક્ષે રાજીનામુ આપે.

જોકે તેમણે સીધી રીતે આ બાબતે કોઈ નિવેદન નહોતું આપેલું પણ સૂત્રોનું કહેવુ છે કે, રાષ્ટ્રપતિ ઈચ્છી રહ્યા હતા કે, પીએમ રાજીનામુ આપે જેથી દેશમાં એક સર્વપક્ષીય સરકાર બનાવી શકાય.

દરમિયાન પીએમ મહિન્દા રાજપક્ષેએ પણ કેબિનેટની બેઠકમાં વડાપ્રધાન પદેથી રાજીનામુ આપવા માટે સંમતિ

● અનુસંધાન પાન-૭ પર

દહેરાદૂન-હરિદ્વાર સહિત ૬ સ્ટેશનોને ઉડાવી દેવાની ધમકી

રૂડકી સ્ટેશન માસ્ટરને પત્ર મળ્યો : ધમકીભર્યો પત્ર મોકલનારે પોતાને આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો એરિયા કમાન્ડર સલીમ અંસારી ગણાવ્યો છે

રુડકી,તા.૯

ઉત્તરાખંડના રૂડકી રેલ્વે સ્ટેશનના અધિક્ષકને એક ધમકીભર્યો પત્ર મળ્યો છે. જેમાં લક્સર, નજીબાબાદ, દેહરાદૂન, રૂડકી, ઋષિકેશ અને હરિદ્વાર રેલ્વે સ્ટેશનને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ ધમકીભર્યો પત્ર મોકલનારે પોતાને આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો એરિયા કમાન્ડર સલીમ અંસારી ગણાવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રૂડકી રેલ્વે સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટને એક ધમકીભર્યો પત્ર મળ્યો, જે ખૂબ જ તૂટેલી હિન્દીમાં લખાયેલો છે. જેમાં ઉત્તરાખંડના ૬ રેલવે સ્ટેશનોની સાથે હરિદ્વારમાં મનશા દેવી, ચંડી દેવી અને અન્ય ધાર્મિક સ્થળોને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ પત્રમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રીને નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી છે. આ સંદર્ભે ઉત્તરાખંડના રેલ્વે સ્ટેશનો સહિત અગ્રણી સ્થળોએ તકેદારી વધારી દેવામાં આવી છે. રેલવેના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, ઉચ્ચ અધિકારીઓને આ પત્ર અંગે જાણ કરવામાં આવી છે. તે જ સમયે, પોલીસ પત્ર મોકલનારની માહિતી મેળવવામાં વ્યસ્ત છે. સૂત્રોનું માનીએ તો પોલીસ ભૂતકાળમાં મળેલા આવા ધમકીભર્યા પત્રોની હેન્ડરાઈટિંગ સાથે મેચ કરી રહી છે.

મુંબઈમાં ગેંગસ્ટર દાઉદની ડી'કંપની પર ૨૦થી વધુ જગ્યાએ દરોડા

ગેંગસ્ટર દાઉદ ઇબ્રાહિમની ડીકંપની પર NIAની મોટી કાર્યવાહી

મુંબઈ,તા.૯

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ પાકિસ્તાન સ્થિત ગેંગસ્ટર દાઉદ ઈબ્રાહિમના સહયોગીઓ અને કેટલાક હવાલા ઓપરેટરો વિરુદ્ધ મુંબઈમાં એક ડઝનથી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે. ડ્રૈંછએ નાગપાડા, ગોરેગાંવ, બોરીવલી, સાંતાક્રુઝ, મુંબ્રા, ભીંડી બજાર અને અન્ય વિસ્તારોમાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના સહયોગીઓના સ્થળો પર આ કાર્યવાહી કરી છે. ઘણા હવાલા ઓપરેટરો અને ડ્રગ પેડલર્સ દાઉદ સાથે જોડાયેલા હતા અને ડ્રૈંછએ ફેબ્રુઆરીમાં આ મામલે કેસ નોંધ્યો હતો. જે સંદર્ભે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની ડી-કંપનીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આતંકવાદી સંગઠન જાહેર કરીને પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. ૨૦૦૩માં, યુનાઈટેડ નેશન્સે ૧૯૯૩ના મુંબઈ વિસ્ફોટોના મુખ્ય આરોપી દાઉદ ઈબ્રાહીમને વૈશ્વિક આતંકવાદી તરીકે નિયુક્ત કર્યા અને તેના માથા પર ૨૫ મિલિયન ડોલરનું ઈનામ રાખ્યું છે. ડ્રૈંછના સૂત્રોના જણાવ્યા અનુસાર, જે કેસમાં આ દરોડો પડ્યો છે, તે જ કેસમાં ડ્રગ્ઝ નેતા અને મહારાષ્ટ્રની મહા વિકાસ આઘાડી સરકારમાં મંત્રી નવાબ મલિકની ધરપકડ કરવામાં આવી છે. હાલ તે જેલમાં બંધ છે. દાઉદ ઈબ્રાહિમ અને તેની ડી-કંપની પર ભારતમાં ટેરર ફંડિંગ, નાર્કો ટેરર, ડ્રગ્સની દાણચોરી અને નકલી

● અનુસંધાન પાન-૭ પર

પીડિતો કોર્ટમાં આવે રાજકીય પક્ષો નહીં : સુપ્રીમ

શાહીનબાગમાંથી અતિક્રમણ હટાવવાના મુદ્દે સુનવણીનો કોર્ટનો ઈનકાર

નવી દિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટે શાહીન બાગમાંથી અતિક્રમણ હટાવવા વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. સોમવારે સુપ્રીમ કોર્ટે ફટકાર લગાવતા એ પણ પૂછ્યું કે, આ મામલે પીડિતોના બદલે શા માટે રાજકીય પક્ષોએ અદાલતનો બારણે ટકોરા માર્યા. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે, દેશભરમાં અતિક્રમણની વિરુદ્ધ ચાલી રહેલા અભિયાનો પર તેમણે રોક નથી લગાવી. સાથે જ શાહીનબાગનો મામલો રહેણાંક મકાનો સાથે સબંધિત નથી પરંતુ રસ્તાઓ ખાલી કરવા સાથે સબંધિત છે. ત્યારબાદ સીપીઆઈએમ પાર્ટીએ પોતાની અરજી પરત લીધી છે. તમને જણાવી દઈએ કે, દક્ષિણ દિલ્હીના ગેર કાયદેસર નિર્માણ સામે જે કાર્યવાહી એમસીડી કરી રહી છે તેને રોકવા માટે ભારતીય કમ્યૂનિસ્ટ પાર્ટી માર્ક્સવાદી (સીપીઆઈએમ)એ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

REQUIRED
Accountant cum Office Assistant
(Only Male Candidate Required)
Skills - Tally, Basic Excel, Word, E-mail, Official Work.
– Job Profile –
Sales Entry, Purchase entry, Bank Reconciliation, Data entry, Tds, Tcs, Vendor Co-ordination
Salary – Up to 15 k
KES Project Pvt Ltd
Ugati Corporate Park, Kudasan, Gandhinagar -382421
Contact : 90990 52008

નેશનલ સિલ્ક એક્ષ્પો
DIRECT WEAVERS SALE
7 થી 16 મે
સમય સવારે ૧૧ થી સાંજે ૯ સુધી
મહારાષ્ટ્ર સમાજ ભવન, ગાંધીનગર
સિદ્ધિ વિનાયક મંદિર, સેક્ટર-૨૧, ૨૧-૩૦ બસ સ્ટોપની પાસે, ગાંધીનગર
ગર્મી અને લગ્ન સિઝન માટે ખાસ
સાડી | સુટ | ડ્રેસ મટીરીયલ્સ | ફેશન જવેલરી | અને ઘણું બધુ
બનારસી સિલ્ક, લખનવ ચીકન, ગુજરાત પટોલા અને બાંધણી, મહારાષ્ટ્ર પૈઠણી, ગટવાલ, ઉપાડા, કાન્જીવરમ, ભાગલપુર સિલ્ક, કાંથા વર્ક,બલુચારી, તંગેલ, જમદાણી,કોસા સિલ્ક, ટસ્સર, બાંધણી, હેન્ડ વર્ક પ્રિન્ટ, પોચમપલ્લી, બેંગલોર સિલ્ક, ચંદેરી અને મહેશ્વરી સિલ્ક, ખાદી અને મુંગા સિલ્ક, કાશ્મીર પશ્મીના સાડી અને વગેરે વસ્તુઓ
Attractive Discount by Weavers
All Debit & Credit cards accepted
Contact: 8076193884

FINANCIAL SERVICE PLATFORMS FOR DIGITAL WEALTH MANAGEMENT
A comprehensive business platform for our mutual fund distributors to connect with retail investors

An Independent Retail Wealth Management Services Group
₹48,411 cr Mutual Fund AUM (~92% is Equity AUM) | 13,51,274 Unique Retail Investors | 23,262 Mutual Fund Distributors | 15,25,268 Live SIPS | 35,04,637 Live Folio's | 110 Pan India Branches
All data are as of December 31, 2021
Our Digital Platforms
FUNDZBAZAR www.fundzbazar.com | Policyworld.com www.policyworld.com | WiseBasket www.wisebasket.com | CreditBasket www.creditbasket.com | PrudentConnect www.prudentconnect.com | PRUBAZAR Mobile Trading App

HIGHLIGHTS
- Amongst the top mutual fund distributors in terms of AAUM and commission received (Source: CRISIL Report)
- B2B2C platform enables offering diversified financial products
- Offer technology enabled, comprehensive investment and insurance product distribution platforms
- Track record of innovation and use of technology to improve investor and partner experience and provide a "one-stop shop" solution for MFDs
- Ranked 3rd in retail segment, in respect of closing assets and 4th in respect of transaction (As per CAMS data, as of December 2021)
- Out of 15.25 lac live SIPs ^, 47.09% are perpetual and the rest have an average maturity of 17 years

Multi product basket
• Mutual Funds • Stock Broking • Insurance • Fixed Deposits • Bonds • NPS • PMS • AIF • LAS
^as on December 31, 2021

Prudent — Money through wisdom —
Prudent Corporate Advisory Services Limited
www.prudentcorporate.com

PRUDENT CORPORATE ADVISORY SERVICES LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC on May 2, 2022. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs i.e. ICICI Securities Limited, Axis Capital Limited and Equirus Capital Private Limited at www.icicisecurities.com, www.axiscapital.co.in and www.equirus.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "Risk Factors" on page 27 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
This announcement does not constitute an offer of securities for sale in any jurisdiction, including the United States, and any securities described in this announcement may not be offered or sold in the United States absent registration under the U.S. Securities Act of 1933 or an exemption from registration. Any public offering of securities to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the Company and that will contain detailed information about the Company and management, as well as financial statements. However, the securities described in this announcement are not being offered or sold in the United States.
Adfactors 42 A